



# અરવલ્લી જિલ્લા સહીત મોડાસામાં લાભ પાંચમથી ધંધા-રોજગાર ધમધમ્યાં

મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લામાં દિવાળી તેમજ નૂતનવર્ષ પૂજા બાદ બંધ થયેલા વેપારધંધા સહીત બજારોની રોનક ૬ દિવસ બાદ લાભ પાંચમે મુહર્ત કાર્ય બાદ ધમધમી ઉઠયા હતા. વેપારીઓ દ્વારા નવા વર્ષના વ્યવસાયના શ્રી ગણેશ કર્યા હતા દિવાળી પછી બજારમાં લાગેલો સ્વયંભૂ કર્ફ્યુ લાભ પાંચમે દૂર થયો હોય તેમ જિલ્લાના બજારોમાં માનવમહેરામણ ઉમટ્યું હતું. દિવાળી અને નૂતનવર્ષના દિવસે શહેર જિલ્લાના વેપારીઓ ધંધા રોજગારના સ્થળે શુભ મુહર્તમાં પૂજાવિધિ કર્યાબાદ વેપાર ધંધા બંધ કરી તહેવારોની ઉજવણીમાં પરિવાર સાથે વ્યસ્ત બન્યા હતા. મોટાભાગના વેપારીઓ ૬ દિવસના મીની ધાર્મિક વેકેશનનો લાભ ઉઠાવતા વિવિધ પર્યટન સ્થળો અને ધાર્મિક સ્થળોએ મુલાકાત લેતા મોડાસા શહેર સહીત જિલ્લાના બજારો સુમસામ ભાસી રહેલા લાભ પાંચમના દિવસે વેપારીઓએ મુહર્ત કરી ધંધા રોજગારના સ્થળો ખુલ્લા મુકતા પુનઃ ધમધમતા થતા રોનક પાછી જોવા મળી હતી. જીએસટી અંગે રહેલી વિસંગતામાં સરકારે થોડી ગણી છૂટછાટ અપાતા નવા વર્ષમાં નાના ધંધા રોજગારમાં જીએસટી પછી લાગેલી બ્રેક અને થયેલું નુકશાન લગ્નસરાની સીઝનમાં ભરપાઈ થવાની આશા સાથે ધંધો-વેપાર કરવામાં આંશિક સરળતા રહેવાની આશા સાથે સ્ફૂર્તિ અને તાજગી જોવા મળી હતી. મોડાસા શહેરના બજારોમાં ૬ દિવસ બાદ લાભ પાંચમે ખુલતા જિલ્લા સહીત રાજસ્થાનના લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા ઉમટી પડતા મુખ્યમાર્ગો પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા અને નવા વર્ષના પ્રથમ દિવસે જ ભારે ઘરાકી જોવા મળતા વેપારીઓમાં આનંદ છવાયો હતો.

## અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિત ત્રણેય વિધાનસભા ક્ષેત્રના ભાજપના કાર્યકરોના સ્નેહ મિલન સમારોહ સંપન્ન

મોડાસા, તા.૨૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિત ત્રણેય વિધાનસભા ક્ષેત્રના ભાજપના કાર્યકરોના સ્નેહ મિલન સમારોહ સંપન્ન થયા હતા. મંગળવારે શામળાજી ખાતે યોજાયેલ ભિલોડા વિધાનસભા ક્ષેત્રની મેઘરજ અને ભિલોડાના ભાજપના સ્નેહ મિલન કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ કાર્યકરોને અને કેન્દ્ર સરકારની મોટી ઉપલબ્ધીઓ રજૂ કરવા સાથે કાર્યકરોમાં અસરદાર વક્તવ્ય થકી નવુ જેમ અને જુસ્સો, ઉત્સાહ રેડયાં હતા અને આ ભિલોડા ક્ષેત્રની ન્યુલિપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિશાળ શમિયાણામાં મોડાસા અને ધનસુરા તાલુકાની બનેલી વિધાનસભા બેઠકના બન્ને તાલુકાનાં કાર્યકર્તાઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવીને પ્રદેશ મંત્રી





એક જ દિવસમાં બે, સવારે ભિલોડા અને સાંજે મોડાસા વિધાનસભા અને આજે બાયડ વિધાનસભા ક્ષેત્રના ભાજપના કાર્યકર્તાઓનું નવા વર્ષના સ્નેહમિલન સમારોહ સંપન્ન થયા હતા.

ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત જિલ્લાની ત્રણેય બેઠકો ઉપરના કાર્યકર્તાઓને વિધાનસભા દીઠ યોજાયેલા સ્નેહ મિલન કાર્યક્રમમાં પ્રદેશ મંત્રી અને જિલ્લા પ્રભારી હર્ષદગિરી ગોસ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ અને જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, ધિમંત પટેલ, અન્ય પદાધિકારીઓ, પૂર્વ ધારાસભ્યો અને જે તે વિસ્તારના તાલુકાના સંગઠનના પ્રમુખ-મહામંત્રીઓ અને બુથ લેવલના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડ્યા હતા.

નવા વર્ષની શુભકામનાઓ પાઠવીને આગામી દિવસોમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીઓમાં ખભેખભા મિલાવી કામે લાગી જવા અને પરિણામલક્ષી સામર્થ્ય બતાવવા આહવાન કરતાં અનોખી અદાથી કાર્યકરોને સંબોધન કર્યું હતું. રાજ્ય સ્નેહમિલન સભામાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. ખુદ પ્રભારી હર્ષદગિરી ગોસ્વામીએ પણ પોતાના ચિંતનીય વક્તવ્યમાં જિલ્લા પ્રમુખ રણવીરસિંહના વક્તવ્યનો ઉલ્લેખ કર્યો હતો અને સુંદર વક્તવ્યને બિરદાવ્યું હતું. એ જ રીતે મોડાસામાં અને જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી અને જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ, એસ.એમ. ખાંટ, તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારે સંબોધન કર્યું હતુ.

### પાલનપુરમાં વૃદ્ધાનો મૃતદેહ કલાકો સુધી રઝળતો રહ્યો



પાલનપુરના કીર્તિસ્તંભ વિસ્તારમાં થી એક વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યો હતો. ગઈ રાત્રે સ્કૂલ આગળ વૃદ્ધાનું મોત થયું હોવાનું પ્રાથમિક અનુમાન થઈ રહ્યું છે. જેની જાણ પોલિસ અને નગર પાલિકાને કરવા છતાં તંત્ર નિષ્ક્રિય રહ્યું હતું. કલાકો સુધી તંત્રને જાણ કરવા છતાં તંત્ર બેફિકર બનતા લોકોએ તંત્ર સામે ફિટકારની લાગણી વરસાવી હતી. ભરચક વિસ્તારમાં રાહદારી ઓની અવરજવર વચ્ચે અજાણી વૃદ્ધાનો મૃતદેહ રઝળતા માનવતા મરી પરવારી હોય તેવું ભાસી રહ્યું હતું. જોકે, બાદમાં પોલીસે આવી મૃતદેહને પી.એમ.અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

### ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વલ્લભભટ્ટની વાવ માટે ૩.૫૦ કરોડની ફાળવણી

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બેચરાજી ખાતે આવેલ પ્રાચીન વલ્લભભટ્ટની વાવના વિકાસ માટે વિકાસ બોર્ડ દ્વારા રૂ. ૩.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. વલ્લભભટ્ટની વાવમાં વિવિધ સુવિધાઓ થાય તે માટે વિકાસ કામોનું ખાતમુહૂર્ત જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપભાઈ ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી વલ્લભભટ્ટની વાવના વિકાસ કામોના ભૂમિપૂજનમાં ઉપસ્થિત શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે રાજ્યના યાત્રાધામોમાં પ્રવાસીઓને સુખ અને સુવિધા મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. પાટણમાં વચ્છરાજદાદાના મંદિરના વિકાસ માટે રૂ. ૩ કરોડ, તરભ શ્રી વાળીનાથ મંદિરના વિકાસ માટે રૂ. ૨.૫૦ કરોડ, પાવાગઢ મંદિરમાં વિકાસના રૂ. ૯૪ કરોડના કામો થઈ રહ્યા છે. આ ઉપરાંત બીજા સુવિધાના કામ માટે રૂ. ૬૦ કરોડ તાજેતરમાં આપ્યા છે. મંત્રીએ ઉમેર્યુ હતું કે રાજ્યમાં આ ઉપરાંત પવિત્ર યાત્રાધામોમાં ૨૪ કલાક સ્વચ્છતા રહે તે માટે કામ થઈ રહ્યું છે. મંત્રીએ બેચરાજી મંદિરના વિકાસના રૂ. ૧૪ લાખના કામોની જાહેરાત કરી હતી. જેમાં સ્વચ્છતા માટે રૂ. ૫ લાખનું ટ્રેક્ટર, દિવ્યાંગ અને વૃદ્ધજનો માટે ૫ વ્હીલચેર, રૂ. ૧,૪૦,૦૦૦ની ઈ-રીક્ષા, રૂ. ૧ લાખના ખર્ચે ૨ વોટર કુલર, સ્વચ્છતાની જાળવણી માટે રૂ. ૫૦ હજારના ખર્ચે બેચરાજીમાં ૧૦૦ ડસ્ટબીન, રૂ. ૬ લાખના વોટર એ.ટી.એમ.ના બે મશીનોની ભેટ આપી હતી

## ખેડબ્રહ્મા અંબાજી માતાજીના મંદિરમાંથી ચોરીના ગણતરીના કલાકોમાં છારા ગેંગની મહિલાઓને પકડી લીધી

ખેડબ્રહ્મા ખાતે ગઈ કાલે અંબાજી મંદિરમાં બે અજાણી મહિલાઓએ દર્શનાર્થીના પર્સમાંથી રોકડ રકમ ૭૦૦૦ની તથા દાગીના એક મંગલસૂત્ર તથા સોનાની ચેન મળી કુલ ૭ તોલા એમ કુલ ૨,૧૭૦૦૦ની ચોરી કરી લઈ ગયેલ હોય જે વણશોધાયેલ. જેથી આ વણશોધાયેલ ગુનો શોધી માર્ગદર્શન મુજબ અમો ખેડબ્રહ્મા પોસઈનાઓએ જુદી જુદી ટીમો બનાવી આ ગુનાની સઘન તપાસ હાથ ધરેલ અને મંદિર ખાતેના સીસીટીવી ફૂટેજ આધારે ચોરી કરેલ મહિલાઓ તપાસ દરમ્યાન અમદાવાદ છારા નગરની હોવાનું માલુમ પડેલ જેથી આજરોજ પોલીસ સ્ટાફના માણસો સાથે અમદાવાદ છારાનગર મહાજન વાસ ખાતે ભરોસાના બાતમીદારોને સીસીટીવી ફૂટેજ બતાવતા બંને અજાણી મહિલાઓની ઓળખ થયેલ જેથી



રહેઠાણ ના સરનામે જડતી તપાસ કરતા બંને મહિલાઓ ઘરે હાજર મળી આવેલ જેઓને પકડી સઘન પુછપરછ કરતા ઉપરોક્ત ચોરીની કબૂલાત કરેલ તથા મુદ્દામાલ બાબતે સઘન પૂછપરછ કરતા ચોરીમાં ગયેલ મંગલસૂત્ર તથા સોનાની પેનડેંટ વાળી ચેન તથા રોકડ રકમ ૭૦૦૦ રૂપિયા મળી કુલ ૨,૧૭૦૦૦નો તમામ મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ છે અને જિલ્લાના બીજા વણશોધાયેલા ગુનાઓ શોધવા માટેની સઘન પુછપરછ ની ચાલુ છે.



રાજ્ય સરકારે કરેલી જાહેરાત મુજબ આજરોજ અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ટીટોઈ સબ યાર્ડમાં ખરીદી શરૂ કરાઈ ત્યારે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને ટીટોઈ સેવા મંડળીના ચેરમેન હીરાભાઈ ડી.પટેલ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

## પાલનપુર ખાતે ચૂંટણીના નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૫

વિધાનસભાની સામાન્ય વહીવટીતંત્રમાં કુશળ અધિકારી તરીકે જેમણે પોતાની છાપ પ્રસ્થાપિત સ્વાગત કરતાં કહ્યું કે ખુબ બહોળો અનુભવ ધરાવતા માંકડીયા



ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી પાલનપુર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા આર.જે.માંકડીયાના અધ્યક્ષસ્થાને અને વિદાય લઈ રહેલા પૂર્વ કલેકટર દિલીપ રાણાની ઉપસ્થિતિમાં ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા રિટર્નીંગ ઓફિસરો અને નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે નવનિયુક્ત કલેકટર આર.જે. માંકડીયાનું સ્વાગત અને પૂર્વ કલેકટર દિલીપ રાણાને ભાવભર્યુ વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલેકટર આર.જે. માંકડીયાએ પૂર્વ કલેકટર દિલીપ રાણાને વિદાય આપતાં કહ્યું કે કરી છે તેવા પૂર્વ કલેકટર દિલીપ રાણા ફિલ્ડના અનુભવી, કુશળ અને બહુ સારા અધિકારી છે. તેમણે કહ્યું કે દરેક અધિકારીની ઈચ્છા હોય છે કે પોતાના કાર્યકાળ દરમ્યાન પ્રજા માટે કંઈક વિશેષ કામ કરીએ જેને લોકો કાયમ યાદ રાખે. માંકડીયાએ કહ્યું કે ભારે વરસાદ અને પૂરના સંકટ સમયે તત્કાલીન કલેકટર દિલીપ રાણાએ આગોતરૂ સુદ્રઢ આયોજન અને અથાક પ્રયાસો કરી ચુનંદા અધિકારી તરીકે સૌને પોતાનો પરિચય આપ્યો છે.

આ પ્રસંગે વિદાય લઈ રહેલા પૂર્વ કલેકટર દિલીપ રાણાએ નવનિયુક્ત કલેકટર માંકડીયાનું બનાસકાંઠા જિલ્લાને નવા સુકાની મળ્યા છે. તેમણે કહ્યું કે ટીમ બનાસકાંઠાએ ફ્લડ, અંબાજી ભાદરવી મહામેળામાં ખુબ સારી રીતે પોતાની ફરજ નિભાવી છે તેવી જ રીતે આવનારા ચૂંટણીપર્વમાં ટીમ બનાસકાંઠા ખુબ સરસ કામ કરશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, અધિક નિવાસી કલેકટર એલ.બી. બાંભણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.કે. ઉપાધ્યાય, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વિપુલભાઈ મહેતા, તમામ પ્રાન્ત અધિકારીઓ, વિવિધ નોડલ અધિકારીઓ, મામલતદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજમાં ત્રણ કરોડના કામોનાં ખાત મુહૂર્ત

### રોડ-રસ્તાઓ સાંસ્કૃતિક ભવન, કોમ્યુનિટી હોલ સહિતનું ખાત મુહૂર્ત થયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ રોડ રસ્તાઓ સાંસ્કૃતિક ભવન, કોમ્યુનીટી હોલ સહિતના ત્રણ કરોડના ખર્ચે બનાવવામાં આવનાર નવીન કામોનું ખાત મુહૂર્ત સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે યોજાયા હતા.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા વિસ્તારમાં આવેલ શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલ ખાતે ૨૨લાખ ના ખર્ચે તૈયાર થનાર સાંસ્કૃતિક ભવનનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. તો ભોઈવાસ ખાતે ૧૭ લાખના ખર્ચે તૈયાર થનાર કોમ્યુનિટી હોલનું પણ ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. તો નાની ભાગોળ ખાતે પણ ૩૩ લાખ ના ખર્ચે તૈયાર થનાર ગૌરવ પથનું સીસીરોડનુ પણ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. તો સ્વામિનારાયણ ખાતે પણ ૧૭ લાખના ખર્ચે તૈયાર થનાર સીસીરોડનુ પણ ખાત મુહુર્ત કરવામાં



આવ્યું હતું. આમ પાલિકા વિસ્તારોમાં ત્રણ કરોડના ખર્ચેતૈયાર થનાર વિવિધ રોડ રસ્તાઓનુંખાત મુહુર્તકરવામાંઆવ્યું હતું. તો આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ઉપપ્રમુખ પંકજભાઈ મોદી, કારોબારી અધ્યક્ષ દિલીપભાઈ રાવળ, બાંધકામ સમિતિના ચેરમેન દિલીપભાઈ રાવલ, આરોગ્ય ચેરમેન મુકેશભાઈ સથવાળા, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, મહામંત્રી જીગ્નેશભાઈ પંડયા, નગરપાલિકા કોર્પોરેટર, ભાજપ આગેવોનો, કાર્યકરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

### બીજા તબક્કામાં

● પહેલાનું ચાલુ

જિલ્લાકક્ષાએ કરવામાં આવશે ત્યાં ચકાસણી બાદ આગળની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરી હતી.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યુ હતુ કે મતદાર નોંધણીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશને પણ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. પંચે કોઈ નામો કમી નહિ કરવાના આદેશ કર્યા છે.

ચૂંટણી કામગીરી સાથે સંબંધિત અધિકારીઓ કર્મચારીઓની બદલી નિમણુંક અને રજાઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે. જે કર્મચારીઓની રજા જિલ્લા સ્તરે મંજૂર થતી હશે તે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા અને જે કર્મચારી અધિકારીઓની વિભાગ/રાજયકક્ષાએ મંજૂર થતી હશે તે મુખ્ય નિર્વાચન અધિકારીની કક્ષાએથી મંજૂર કરાવવાની રહેશે.

ચૂંટણી પંચની મંજૂરીના આધારે તા. ૨૫-૯-૨૦૧૭ પછી મતદાર યાદીમાંથી ફોર્મ ૭ના આધારે કોઈ નામ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કમી કરવામાં આવશે નહિ. આમ છતાં ફોર્મ ૮ના આધારે મતદારની વિગતોમાં સુધારા તેમજ ફોર્મ ૮ ક ના આધારે ટ્રાન્સપોટેશન (એક જ વિધાનસભા મતવિભાગમાં સ્થળાંતર) ચૂંટણીની જાહેરાત સુધી એટલે કે, આજની તારીખ સુધી કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. દરમિયાનમાં તા. ૯-૧૦-૨૦૧૭ થી તા. ૨૫-૧૦-૨૦૧૭ દરમિયાન પણ નોંધણી માટે બાકી રહેલ મતદારો માટે ખાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે.

તા. ૨૬-૯-૨૦૧૭થી સતત સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. જે નામાંકન પત્રો ભરવાની છેલ્લી તારીખના ૧૦ દિવસ અગાઉની તારીખ સુધી ચાલુ રહેશે. તે મુજબ પ્રથમ તબક્કાની ચૂંટણી માટે તા. ૨૧-૧૧-૨૦૧૭ સુધી નામાંકન પત્રો ભરવાની છેલ્લી તારીક હોઈ પ્રથમ તબક્કા માટે તા. ૧૦-૧૧-૨૦૧૭ સુધી મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટેના ફોર્મ સ્વીકારી શકાશે. તે જ રીતે બીજા તબક્કાની ચૂંટણી માટે તા. ૨૭-૧૧-૨૦૧૭ સુધી નામાંકન પત્રો ભરવાની છેલ્લી તારીકે હોઈ બીજા તબક્કા માટે તા. ૧૬-૧૧-૨૦૧૭ સુધી મતદાર યાદીમાં નામ દાખલ કરવા માટેના ફોર્મ સ્વીકારી શકાશે.